એસઓજીની દરોડાની પાડી ગાંજાના જથ્થા સહિત રૂ.80 હજારનો મુદ્દામાલ જપ્ત

અકોટા બ્રિજ નીચે રહેણાંક મકાનમાંથી ૧.૫ કિલો ગાંજો ઝડપાયો, કેરીયરની ધરપકડ

પોલીસે સ્થળ પરથી એક મોબાઇલ ફોન અને ડિજિટલ વજનકાંટો સહિત રૂ.૮૦,૧૫૦નો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો

(પ્રતિનિધિ) વડોદરા, તા.22
વડોદરા શહેરને નશામુક્ત બનાવવા માટે પોલીસ કમિશનર નરસિમ્હા કોમારના માર્ગદર્શન હેઠળ શહેર એસ.ઓ.જી. દ્વારા નશીલા પદાર્થોના ખરીદ-વેચાણ અને હેરાફેરી સામે સતત કાર્યવાહી કરવામાં આવી રહી છે. આ અભિયાન દરમિયાન એસઓજીને મળેલી ચોક્કસ બાતમીના આધારે અકોટા વિસ્તારમાં દરોડાની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. એસઓજીના એ.એસ.આઈ. જયેન્દ્રસિંહ ભીમસિંહને મળેલી બાતમી મુજબ અકોટા દાંડીયાબજાર બ્રિજ નીચે આવેલા નવાવાસ વિસ્તારમાં રહેતો ઝુબેર પટેલ પોતાના મકાનમાં ગાંજાનો જથ્થો સંતાડી રાખી છૂટક વેચાણ કરતો હતો. બાતમીના આધારે પોલીસે તેના રહેણાંક મકાન પર દરોડો પાડ્યો હતો. તપાસ દરમિયાન મકાનમાંથી 1 કિલો 501 ગ્રામ વજનનો ગાંજાનો જથ્થો કિંમત રૂ.75,050 આંકવામાં આવી છે. પોલીસે સ્થળ પરથી એક મોબાઈલ ફોન અને ડિજિટલ વજનકાંટો સહિત રૂ.80,150નો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો છે. પ્રાથમિક તપાસમાં સામે આવ્યું છે કે ઝુબેરભાઈ પટેલે ગની નિઝામ શેખ સાથે મળીને આર્થિક લાભ મેળવવાના હેતુથી ગાંજો ખરીદી છૂટક વેચાણ માટે રાખ્યો હતો. પોલીસે ઝુબેરભાઈ પટેલની ધરપકડ કરી તેની સામે અકોટા પોલીસ સ્ટેશનમાં એન.ડી.પી.એસ. એક્ટ હેઠળ ગુનો નોંધી કાર્યવાહી હાથ ધરી છે.

માછલી ખાતાં ગળામાં ફસાયો કાંટો

૫૫ વર્ષીય પ્રૌઢનો શ્વાસ રૂંધાતાં સયાજી હોસ્પિટલ ખસેડાયા

અણધારી ઘટના આસપાસના વિસ્તારમાં ભારે ચર્ચાનો વિષય બની છે

(પ્રતિનિધિ) વડોદરા, તા.22
સમતા-ગોરવા વિસ્તારમાં એક ચોંકાવનારી અને અજીબોગરીબ ઘટના સામે આવી છે. અહીં રહેતા ૫૫ વર્ષીય પ્રૌઢ વિક્રમસિંહ પ્રભાતસિંહ રાણા પોતાના ઘરે રાત્રિના સમયે હોંશે-હોંશે માછલીની વાનગીની મજા માણી રહ્યા હતા. સ્વાદિષ્ટ ભોજનની આ પળો ગણતરીની સેકન્ડોમાં જ આફતમાં ફેરવાઈ ગઈ જ્યારે માછલી ખાતી વખતે એક તીક્ષ્ણ કાંટો તેમના ગળામાં ઊંડે સુધી ફસાઈ ગયો હતો. કાંટો ગળામાં ખૂંચી જતાં જ વિક્રમસિંહને અચાનક અસહ્ય દુખાવો ઉપડ્યો હતો અને શ્વાસ લેવામાં ભારે તકલીફ થવા લાગી હતી.

ગભરાયેલા પરિવારજનોએ તાત્કાલિક ઘરેલુ ઉપચારો અજમાવી કાંટો કાઢવાનો પ્રયાસ કર્યો હતો, પરંતુ તેમાં સફળતા મળી ન હતી. પરિસ્થિતિ વધુ વણસતાં અને પ્રૌઢની હાલત બગડતાં, પરિવાર વિલંબ કર્યા વગર તેમને તાકીદે સારવાર અર્થે વડોદરાની સયાજી હોસ્પિટલ ખાતે લઈ આવ્યો હતો.

હોસ્પિટલના ઈમરજન્સી વોર્ડમાં ફરજ પરના તબીબોએ મામલાની ગંભીરતા સમજીને તુરંત જ સારવાર શરૂ કરી દીધી હતી. હાલમાં તબીબોની કુશળ ટીમ દ્વારા ગળામાં ફસાયેલો કાંટો બહાર કાઢવા માટેની જરૂરી તબીબી પ્રક્રિયા હાથ ધરવામાં આવી છે. આ અણધારી ઘટના આસપાસના વિસ્તારમાં ભારે ચર્ચાનો વિષય બની છે.

સંગીત સંધ્યાનો વીડિયો સોશિયલ મીડિયામાં વાયરલ

કમાટીબાગના બેન્ડ સ્ટેન્ડ પર યુવાઓ સાથે ઝૂમી ઉઠ્યા સાંસદ હેમાંગ જોશી

સાંસદને પોતાની વચ્ચે જોઈને યુવાઓમાં પણ ઉત્સાહ બેવડાયો હતો

(પ્રતિનિધિ) વડોદરા, તા.22
વડોદરાના કમાટીબાગમાં રવિવારની સાંજ સંગીતમય બની ગઈ હતી. બાગમાં આવેલ ઐતિહાસિક બેન્ડ સ્ટેન્ડ ખાતે યોજાયેલી યુવાઓની સંગીત મહેફિલમાં શહેરના સાંસદ અને ગુજરાત પ્રદેશ યુવા મોરચાના અધ્યક્ષ ડો. હેમાંગ જોશી પણ જોડાયા હતા. સાંસદે યુવાઓ સાથે સંગીત સંધ્યાની મજા માણી હતી, જેનો વીડિયો હવે સોશિયલ મીડિયામાં ધૂમ વાયરલ થઈ રહ્યો છે. રજાના દિવસે કમાટીબાગમાં મોટી સંખ્યામાં યુવા કલાકારો દ્વારા ઓપન માઈક અને સંગીતના સૂર રેલાવવામાં આવી રહ્યા હતા. દરમિયાન સાંસદ હેમાંગ જોશી અચાનક બેન્ડ સ્ટેન્ડ પહોંચ્યા હતા. તેમણે કોઈપણ ઔપચારિકતા વગર સામાન્ય નાગરિકની જેમ યુવાઓ વચ્ચે બેસીને ગીતો સાંભળ્યા હતા અને ગાયા પણ હતા. તેમણે કલાકારોને પ્રોત્સાહિત કર્યા અને તાલીઓના ગડગડાટથી વધાવ્યા હતા. સાંસદને પોતાની વચ્ચે જોઈને યુવાઓમાં પણ ઉત્સાહ બેવડાયો હતો.

ઘણા યુવાઓએ સાંસદ સાથે સેલ્ફી લીધી અને વાતચીત કરી હતી. ડો. હેમાંગ જોશીએ યુવા કલાકારોની પ્રતિભાને બિરદાવતા કહ્યું કે, વડોદરાની સંસ્કારી નગરીની ઓળખ કલા અને સંગીતથી જ છે. આવા જાહેર સ્થળોએ યુવાઓને પ્લેટફોર્મ મળે એ ખૂબ જરૂરી છે. સોશિયલ મીડિયા પર વાયરલ થયેલા વીડિયોમાં સાંસદ હેમાંગ જોશી ખુશખુશાલ અંદાજમાં યુવાઓ સાથે સંગીતની મજા માણતા નજરે પડે છે. નેતાઓને સામાન્ય રીતે રાજકીય મંચ પર જોતા લોકો માટે આ દ્રશ્ય આકર્ષણનું કેન્દ્ર બન્યું છે. લોકો વીડિયોને શેર કરીને સાંસદના આ સાદગીભર્યા અંદાજની પ્રશંસા કરી રહ્યા છે.

નોટબુક અને ગિફ્ટનું વિનામૂલ્યે વિતરણ

પાદરામાં વિશ્વકર્મા સમાજના તેજસ્વી તારલાઓનો સન્માન સમારોહ યોજાયો

યોગ દિવસ અને પિતૃ દિવસની અનોખી ઉજવણી, સમાજના ઉત્થાન અને સંગઠન માટે સંકલ્પ લેવાયો

(પ્રતિનિધિ) વડોદરા, તા.22
પાદરા ખાતે પંચાલ સેવા સમાજ દ્વારા વિશ્વકર્મા સમાજના તેજસ્વી વિદ્યાર્થીઓનો સામાજિક, શૈક્ષણિક અને રોજગારલક્ષી ઉત્તરોત્તર વિકાસ થાય તેવા શુભ આશય સાથે એક ભવ્ય સન્માન સમારોહનું આયોજન કરવામાં આવ્યું હતું. 'સત્યના સંકલ્પનો દાતા ભગવાન છે' ના દિવ્ય મંત્ર સાથે શરૂ થયેલા આ કાર્યક્રમમાં સમાજના જુનિયર કે.જી, સિનિયર કે.જી થી લઈને ધોરણ ૧ થી કોલેજ સુધીના તમામ વિદ્યાર્થીઓને બિરદાવવામાં આવ્યા હતા. આ પ્રસંગે ઉપસ્થિત પિતાતુલ્ય વડીલોના હસ્તે વિદ્યાર્થીઓનું સન્માન કરી પિતૃ દિવસની ભાવસભર ઉજવણી કરાઈ હતી અને વડીલોએ જણાવ્યું હતું કે, પિતા માત્ર એક સંબંધ નથી પરંતુ જીવનનો મજબૂત આધાર અને પ્રેરણાસ્ત્રોત છે. કાર્યક્રમ દરમિયાન આંતરરાષ્ટ્રીય યોગ દિવસ નિમિત્તે પંચાલ સેવા સમાજના પ્રમુખ શૈલેષભાઈ સ્વામીએ સમગ્ર સમાજને આરોગ્યમય અને આનંદમય જીવનની શુભેચ્છાઓ પાઠવી હતી. તેમણે સ્વસ્થ, સશક્ત અને ખુશહાલ સમાજના નિર્માણ માટે સૌને સંકલ્પબદ્ધ થવા આહવાન કર્યું હતું. સમાજ સંગઠિત થઈને જુદા જુદા સેવા પ્રકલ્પો થકી 'સેવા હી સમર્પણ'ના ભાવ સાથે આગળ વધે અને દરેક બાળકને ભણતરનો અધિકાર મળે તેવો સૂર આ પ્રસંગે વ્યક્ત થયો હતો. વિદ્યાર્થીઓના પ્રોત્સાહન માટે પંચાલ સેવા સમાજ પાદરા તરફથી તમામ વિદ્યાર્થીઓને વિનામૂલ્યે નોટબુક અને ચોપડાનું વિતરણ કરવામાં આવ્યું હતું.

વડીલ પરિવાર સુભાનપુરા દ્વારા આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણી

(પ્રતિનિધિ) વડોદરા, તા. 22
સુભાનપુરા સ્થિત વડીલ પરિવાર સિનિયર સિટીઝન ગ્રુપ દ્વારા 21 જૂન, રવિવારના રોજ 12મા આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણી ઉત્સાહભેર કરવામાં આવી હતી. ગ્રુપના પ્રમુખ કનુભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ વડીલ પરિવારના ભવન ખાતે યોજાયેલા કાર્યક્રમમાં મુખ્ય અતિથિ તરીકે અધ્યક્ષા ટીનુબેન ચાવલા તથા ઘનશ્યામભાઈ રાવ ઉપસ્થિત રહ્યા હતા. યોગ શિક્ષિકા અલ્પનાબેન અમીને યોગના મહત્ત્વ અને નિયમિત અભ્યાસના લાભો અંગે પ્રાસંગિક પ્રવચન આપ્યું હતું.

ગુપ્તાંગની સારવાર માટેની બેલ અરજી ફગાવાઇ

પ્રેમી સાથે મળીને પતિની હત્યા કરનાર પત્નીના વચગાળાના જામીન નામંજૂર

હત્યાના ગંભીર ગુનામાં આરોપી સામે પ્રથમદર્શી પુરાવાઓના આધારે કોર્ટનો નિર્ણય

(પ્રતિનિધિ) વડોદરા, તા.22
વડોદરા શહેરના વાડી વિસ્તારમાં રહેતી મહિલાના મને યુવક સાથે આડા સંબંધ હતા. જેની જાણ પતિને થઈ જતા ઝઘડો થયો હતો જેમાં પત્નીએ તેના પ્રેમી સાથે મળીને પતિનું ગળું દબાવી હત્યા કરી નાખી હતી ત્યારે આ ગુનામાં જેલમાં સજા કાપતી મહિલાએ જેલમાંથી 30 દિવસના વચગાળાના જામીન માટે કરેલી અરજી નામંજૂર કરી છે. કેસની વિગતો મુજબ વાડી પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા ગુનામાં આરોપી બીબીફાતેમા અને તેના કથિત પ્રેમી સાહિલ વચ્ચેના આડાસંબંધોને લઈને મોહમ્મદ હમજા સાથે વારંવાર ઝઘડા થતા હતા. ત્યારબાદ 12 ઓગસ્ટ, 2024ની રાત્રિથી 13 ઓગસ્ટની સવારે વચ્ચે ફરી ઝઘડો થતાં મહિલા અને તેના પ્રેમી દ્વારા બંને મળીને મહિલાના પતિ મોહમ્મદ હમજાનું ગળું દબાવી હત્યા કરી દેવામાં આવી હતી. હાલમાં આરોપી જેલમાં સજા કાપતી હોય ત્યારે સેન્ટ્રલ જેલમાં ન્યાયિક કસ્ટડીમાં રહેલી બીબીફાતેમાએ કોર્ટ સમક્ષ અરજી કરી હતી કે તેણે અગાઉ ગુપ્તાંગના ભાગે સર્જરી કરાવી હોવાથી ગંભીર પીડા રહે છે અને વધુ સારવાર માટે 30 દિવસના વચગાળાના જામીન આપવામાં આવે. કોર્ટે કેસના રેકોર્ડ, આરોપોની ગંભીરતા અને પુરાવાઓનું અવલોકન કર્યા બાદ નોંધ્યું કે હત્યા જેવા ગંભીર ગુનામાં આરોપી સામે પ્રથમદર્શી પુરાવા ઉપલબ્ધ છે. સાથે જ જેલ સત્તાધિકારીઓ મારફતે જરૂરી તબીબી સારવાર ઉપલબ્ધ કરાવી શકાય તેવી સ્થિતિમાં માત્ર સારવારના કારણસર વચગાળાના જામીન આપવાના પૂરતા કારણો જણાતા નથી. આથી 7મા એડિશનલ સેશન્સ જજ વડોદરાએ આરોપી બીબીફાતેમા મોહંમદહમઝા તનસુજવાલાની 30 દિવસના વચગાળાના જામીનની અરજી નામંજૂર કરવાનો હુકમ કર્યો છે.

ગુજરાત પ્રદેશ સુથાર સમાજના સૂત્રધારોની વરણી

પ્રમુખ શ્રી ઠાકોર મિસ્ત્રી | ઉપ પ્રમુખ શ્રી નિખીલ ગજ્જર | ઉપ પ્રમુખ શ્રી દિનેશચંદ્ર સુથાર | મંત્રી શ્રી સંજય ગજ્જર

(પ્રતિનિધિ), વડોદરા. તા.૨૨
સમગ્ર ગુજરાત તેમજ મહારાષ્ટ્ર મધ્યપ્રદેશ અને રાજસ્થાન રાજ્યનું પ્રતિનિધિત્વ કરતી મેવાડા ગજ્જર. વૈશ્ય અને પંચોળી સુથાર જ્ઞાતિજનોની વડોદરા ખાતે આવેલી સંસ્થા ગુજરાત પ્રદેશ સુથાર સમાજની રાજ્યસ્તરી બેઠક મળી હતી જેમાં હોદ્દેદારોમાં પ્રમુખ તરીકે ઠાકોર મિસ્ત્રી ઉપપ્રમુખશ્રી નિખિલભાઇ ગજ્જર. દિનેશચંદ્ર સુથાર બોરસદ તથા મંત્રી તરીકે સંજય આર ગજ્જર.ની સર્વાનુમતે વર્ણી કરવામાં આવી છે. આ સંસ્થા રાજ્યસ્તરે નોંધણી કરાવવી છેલ્લા 31 વર્ષથી સુથાર જ્ઞાતિઓની તમામ પેટા જ્ઞાતિઓને એક છત્ર હેઠળ સંગઠિત કરીને રાજ્યસ્તરે મજબૂત સંગઠન ઊભું કર્યું છે. રાજ્યસ્તરે અને કેન્દ્રસ્તરે સરકારના બક્ષીપંચના લાભો આપવામાં તથા માર્ગદર્શન પૂરું પાડવામાં પણ જ્ઞાતિજનોને માટે સંસ્થા અગ્રેસર રહી છે.

યૂકો बैंक UCO BANK (भारत सरकार का उपक्रम) (A Govt. of India Undertaking)
सम्मान आपके विश्वास का Honours Your Trust

મીડ કોર્પોરેટ અક્ષરચોક શાખા : ૧૪-૧૭, અર્થ કોમ્પ્લેક્ષ, અક્ષર ચોક, જુના પાદરા રોડ, વડોદરા-૩૯૦૦૨૦.

પઝેશન નોટિસ

ધી સિક્યોરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ, ૨૦૦૨, નિયમ ૮(૧)

આથી, (સ્થાવર મિલકત માટે)

નીચે સહી કરનાર **યુકો બેંક, મીડ કોર્પોરેટ અક્ષરચોક શાખા, વડોદરા**ના અધિકૃત અધિકારીશ્રીએ સિક્યોરીટાઈઝેશન એન્ડ રીકન્સ્ટ્રકશન ઓફ ફાયનાન્સિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ સિક્યોરીટી ઈન્ટરેસ્ટ અધિનિયમ, ૨૦૦૨ (૫૪ ઓફ ૨૦૦૨) તથા કલમ ૧૩(૧૨)ની સત્તા સાથેસિક્યોરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) નિયમો, ૨૦૦૨ના નિયમ ૩ સહિત અંતર્ગત **તા. ૧૦.૦૪.૨૦૨૬**ના રોજ **શ્રીમતી પ્રિતી સમીર ખત્રી (કરજદાર), શ્રી સમીરભાઈ રજનીકાંત ખત્રી (સહ-કરજદાર)**ને ડીમાન્ડ નોટીસ જારી કરીને **રૂા. ૪૬,૯૭,૬૬૨.૫૪/- (રૂા. છેતાલીસ લાખ સત્તાણું હજાર છસો બાસઠ અને ચોપન પૈસા પુરા)** (તા. ૩૦.૦૩.૨૦૨૬ ના રોજ થી મુદ્દલ ચડત વ્યાજનું પ્રતિનિધિત્વ કરે છે.) ચડત વ્યાજ અન્ય ચાર્જીસ સાથે નોટીસ મળ્યાના ૬૦ દિવસમાં ચુકવવા જણાવવામાં આવ્યું હતું.

ઉધારકર્તાઓને ઉપરોક્ત સંપૂર્ણ રકમ ચુકવવામાં કસુરવાર થતાં આથી ઉધારકર્તાઓ તથા જાહેર જનતાને નોટીસ આપવામાં આવે છે કે અધિનિયમ ધી સિક્યોરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) નિયમો, ૨૦૦૨ની કલમ ૧૩ ની પેટા કલમ (૪)ના ઉક્ત નિયમો હેઠળના નિયમ ૮ અંતર્ગત મળેલ સત્તાની રૂએ નીચે સહી કરનારે **તા. ૨૦.૦૬.૨૦૨૬** ના રોજ નીચે જણાવેલ મિલકતનો **સાંકેતિક કબજો** લઈ લીધો છે.

ઉધારકર્તા/જામીનદારને વિશેષ રૂપથી તથા જાહેર જનતાને આથી સદરહુ મિલકત અંગે કોઈપણ જાતનો વ્યવહાર ન કરવાની ચેતવણી આપવામાં આવે છે. સદરહુ મિલકત અંગે કરેલો કોઈપણ વ્યવહાર **યુકો બેંક, મીડ કોર્પોરેટ અક્ષરચોક શાખા, વડોદરા**ની રકમ **રૂા. ૪૬,૯૭,૬૬૨.૫૪/- (રૂા. છેતાલીસ લાખ સત્તાણું હજાર છસો બાસઠ અને ચોપન પૈસા પુરા)** ચડત વ્યાજ અને અન્ય ચાર્જીસ સાથેના બોજા સહિત રહેશે. (૧૩(૨)ની ડિમાન્ડ નોટીસ આપ્યા પછી આવેલ રકમ બાદ કરીને)

અહીં ઉધારકર્તાઓનું ધ્યાન આકરુષ્ટ કરવામાં આવે છે તે જણાવેલ સમય મર્યાદામાં સેકસન ૧૩ના સબ સેક્શન (૮) હેઠળ તમો તમારી સુરક્ષિત મિલકતના બાકી લ્હેણાં ભરપાઇ કરી પાછી મેળવી શકો છો.

સ્થાવર મિલકતનું વર્ણન

જે જમીન આર.એસ. નં. ૧૪૮, ૬૩૮, ૬૨૦/૨, ૬૨૦/૨, સિટી સર્વે નં. ૪૧૮૫/૨૦, રહેઠાણ લાયક સ્કીમનું નામ જય સત્યનારાયણ કો. ઓપરેટીવ હાઉસિંગ સોસાયટી લિ. થી ઓર્ગેનાઇઝડ અને બાંધકામ વાળી ઘર નં. સી–૨૦, ક્ષેત્રફળ ૮૬.૮૬ સ્કે.મીટર, પ્લોટ એરીયા અને બાંધકામ વાળું ક્ષેત્રફળ ૩૮.૨૦ સ્કે.મીટર, ગ્રાઉન્ડ ફલોર અને ૪૦.૪૮ સ્કે.મીટર, પહેલો માળ, જે રીફાઈનરી રોડ, મોજે ગામ–ગોરવા, રજીસ્ટ્રેશન ડિસ્ટ્રીકટો અને સબ જિ. વડોદરા ખાતે આવેલ સ્થાવર મિલકત.

ચતુરસીમા : ● પુર્વે : ઘર નં. સી–૧૯ ● દક્ષિણે : ફલેટ –૬ મીટરનો પહોળો રસ્તો
● પશ્ચિમે : ઘર નં. સી–૨૫ (સી.એસ.નં. ૪૧૮૫/૧૯) પછી માર્જીન
● ઉત્તરે : ઘર નં. સી–૨૧ પછી માર્જીન

તારીખ : ૨૦.૦૬.૨૦૨૬ સહી/- અધિકૃત અધિકારી,
સ્થળ : વડોદરા (વિવાદીત સ્થિતી અંગ્રેજી જાહેર ખબર માન્ય રહેશે.) યુકો બેંક

23 જૂનથી પ્લેટફોર્મ 5-6 બંધ

વડોદરા સ્ટેશન યાર્ડ રિમોડલિંગને કારણે એકતાનગરની વીકલી ટ્રેનો ડાયવર્ટ

(પ્રતિનિધિ) વડોદરા, તા.22
પશ્ચિમ રેલવેના વડોદરા મંડળ દ્વારા વડોદરા સ્ટેશન પર વ્યાપક યાર્ડ રિમોડલિંગ અને ટ્રેક ઈન્ફ્રાસ્ટ્રક્ચરના આધુનિકીકરણનું કામ પૂરજોશમાં ચાલી રહ્યું છે. આ કામગીરી અંતર્ગત પ્લેટફોર્મ નંબર 5 અને 6ની રેલ લાઈન પર પોઈન્ટ અને ક્રોસઓવર બેસાડવાનું કામ શરૂ થતાં, 23 જૂન, 2026થી આ બંને પ્લેટફોર્મ પરથી ટ્રેનોનું સંચાલન બંધ રહેશે. મુસાફરોને ઓછામાં ઓછી અગવડ પડે તે માટે રેલવે તંત્રએ એકતાનગર જતી કેટલીક વીકલી ટ્રેનોના રૂટમાં ફેરફાર કર્યો છે. આ ટ્રેનો વડોદરા આવવાને બદલે ડભોઈ - કાયાવરોહન - મિયાગામ કરજણના ડાયવર્ટેડ રૂટ પર દોડશે. તેમજ કેટલીક ટ્રેનોને વડોદરાના બદલે શહેરના ટ્રાન્સપોર્ટ નેટવર્ક સાથે સારી રીતે જોડાયેલા વિશ્વામિત્રી, છાયાપુરી અને બાજવા સ્ટેશન પર હોલ્ટ આપવામાં આવશે. વડોદરા મંડળના જનસંપર્ક અધિકારી અનુભવ સક્સેનાના જણાવ્યા અનુસાર, આ મહત્વાકાંક્ષી પ્રોજેક્ટનો મુખ્ય ઉદ્દેશ ઓપરેશનલ સેફ્ટીમાં વધારો, લાઈન અને પ્લેટફોર્મની ક્ષમતાનું વિસ્તરણ, ટ્રેન સંચાલનની કાર્યક્ષમતામાં સુધારો અને મુસાફરોને વધુ સારી સુવિધાઓ પૂરી પાડવાનો છે.

23 જૂનથી 1 જુલાઈ, 2026 દરમિયાન ડાયવર્ટ રૂટ પર ચાલનારી અને હોલ્ટ શિફ્ટ થનારી ટ્રેનો જેમાં રૂટ બદલાયેલી ટ્રેનોમાં 23 અને 30 જૂન, 2026ની ટ્રેન નં. 20903, એકતાનગર-વારાણસી સુપરફાસ્ટ ડભોઈ, પ્રતાપનગર, વડોદરાને બદલે ડભોઈ - કાયાવરોહન - મિયાગામ કરજણના રૂટ પર દોડશે.

પરિવાર ધાબા પર સૂતો હતો અને ચોરી થઇ

ન્યૂ વીઆઈપી રોડ પર ઘરમાથી રૂ.૮૩ હજારની ચોરી કરનાર તસ્કર ઝડપાયો

સોના-ચાંદીના દાગીના, રોકડ અને ઇલેક્ટ્રોનિક સામાન મળી રૂ.78 હજારનો મુદ્દામાલ રિકવર

(પ્રતિનિધિ) વડોદરા, તા.22
વડોદરાના ન્યૂ વીઆઈપી રોડ વિસ્તારમાં આવેલા એક મકાનમાં ઘુસી અજાણ્યા તસ્કરે સોના-ચાંદીના દાગીના, રોકડ રકમ અને ઈલેક્ટ્રોનિક સામાન મળી રૂ.83 હજારની ચોરી કરી ફરાર થઈ જતાં પોલીસ ફરિયાદ નોંધાઈ હતી. જોકે પોલીસે ગણતરીના કલાકોમાં જ આરોપીને ઝડપી પાડી તેની પાસેથી રૂ.78 હજારનો મુદ્દામાલ કબજે કર્યો છે. મળતી માહિતી મુજબ આજવા રોડ પર કૃષ્ણા નગર-1મા રહેતા અને આજવા રોડ સ્થિત ખાનગી કંપનીમાં ડ્રાઈવર તરીકે નોકરી કરતા અલ્કેશભાઈ સોમજીભાઈ ગણાવા (ઉ.વ.31) તા. 19 જૂનની રાત્રે પરિવાર સાથે ઘરના મુખ્ય દરવાજાને તાળું મારી ધાબા પર સુવા ગયા હતા. બીજા દિવસે સવારે નીચે આવ્યા ત્યારે મુખ્ય દરવાજાનો નકુચો તૂટેલો જોવા મળ્યો હતો. ઘરમાં તપાસ કરતા બેડરૂમમાં રાખેલી લોખંડની તિજોરી તોડેલી હાલતમાં મળી આવી હતી અને ઘરનો સામાન વેરવિખેર પડ્યો હતો. તિજોરીમાં રાખેલા આશરે 10 ગ્રામ વજનના સોનાના મંગળસૂત્ર, બે નાકની નથડી, 100 ગ્રામ જેટલી ચાંદીની વસ્તુઓ, રૂ.15 હજારની રોકડ રકમ તેમજ હોમ થિયેટર અને એરટેલ કંપનીનું સેટ-અપ બોક્સ ગાયબ હોવાનું જાણવા મળ્યું હતું.

જૂન મહિનામાં રાજ્યમાં પેટ્રોલના વેચાણમાં ૧૯.૨% અને ડીઝલમાં ૩૨.૯%નો નોંધપાત્ર વધારો થયો

ગભરાટમાં ઈંધણની ખરીદી ટાળવા અને સત્તાવાર માહિતી પર જ વિશ્વાસ રાખવા જનતાને અપીલ

(પ્રતિનિધિ) વડોદરા, તા.11
સમગ્ર ગુજરાત રાજ્યમાં પેટ્રોલ, ડીઝલ અને રાંધણ ગેસની કોઈ અછત નથી અને તમામ પુરવઠા ચેનલો પર તેની ઉપલબ્ધતા સંપૂર્ણપણે સામાન્ય અને અવિરત રહી છે. પેટ્રોલિયમ અને કુદરતી ગેસ મંત્રાલય તેમજ પબ્લિક સેક્ટર અન્ડરટેકિંગ ઓઈલ માર્કેટિંગ કંપનીઓ દ્વારા જનતાને સત્તાવાર ખાતરી આપવામાં આવી છે કે રાજ્યમાં ઈંધણની સ્થિતિ એકદમ સ્થિર છે. તાજેતરના અઠવાડિયામાં સામાન્ય વપરાશ કરતાં માંગમાં નોંધપાત્ર વધારો જોવા મળ્યો હોવા છતાં, પુરવઠો સતત જાળવી રાખવામાં આવ્યો છે. નાગરિકોને કોઈપણ પ્રકારની ચિંતા ન કરવા અને સોશિયલ મીડિયા કે અન્ય અફવાઓથી દોરાઈને બિનજરૂરી 'પેનિક બાઈંગ' કરવાનું ટાળવા માટે નિષ્ઠાપૂર્વક અપીલ કરવામાં આવી છે.

ઓઈલ માર્કેટિંગ કંપનીઓના સત્તાવાર આંકડાઓ અનુસાર, ચાલુ વર્ષે ૧લી જૂનથી ૨૧મી જૂન દરમિયાન સમગ્ર ગુજરાતમાં પેટ્રોલના વેચાણમાં ૧૯.૨% અને ડીઝલના વેચાણમાં ૩૨.૯% જેટલો માતબર વૃદ્ધિ દર નોંધાયો છે. આ આંકડા દર્શાવે છે કે પુરવઠામાં વિક્ષેપ પડવાને બદલે કંપનીઓએ માંગને પહોંચી વળવા વિક્રમી વિતરણ કર્યું છે. ખાસ કરીને, કચ્છ જિલ્લામાં ડીઝલના વેચાણમાં સૌથી વધુ ૮૧.૮% તેમજ વાવ-થરાદ, ગીર સોમનાથ, મહેસાણા અને વડોદરા જેવા વિસ્તારોમાં પણ પેટ્રોલ-ડીઝલની માંગમાં આશરે ૨૫ થી ૪૦ ટકાનો ઉછાળો જોવા મળ્યો છે. અમદાવાદ અને સુરત જેવા મહાનગરોમાં પણ હજારો મેટ્રિક ટન ઈંધણનો પુરવઠો સફળતાપૂર્વક પૂરો પાડવામાં આવ્યો છે. ઘરેલું ગ્રાહકોની સુવિધા માટે સરકાર દ્વારા એલપીજી સિલિન્ડરના પુરવઠાને પ્રાથમિકતાના ધોરણે વિતરિત કરવામાં આવી રહ્યો છે. ગ્રાહકોને સમયસર અને અવિરત ડિલિવરી મળી રહે તે માટે ઉચ્ચ સ્તરે પરિસ્થિતિનું બારીકાઈથી નિરીક્ષણ કરવામાં આવી રહ્યું છે. PSU ઓઈલ કંપનીઓ લોજિસ્ટિક્સ, સ્ટોક મૂવમેન્ટ અને રિટેલ આઉટલેટ્સની કામગીરી પર ગાઢ સંકલન રાખીને ચોવીસે કલાક કાર્યરત છે. જનતાને માત્ર સત્તાવાર અને ચકાસાયેલી માહિતી પર જ વિશ્વાસ રાખવા અને પોતાના સામાન્ય વપરાશની પેટર્ન મુજબ જ ખરીદી ચાલુ રાખવા વિનંતી કરાઈ છે.

યૂકો बैंक UCO BANK (भारत सरकार का उपक्रम) (A Govt. of India Undertaking)
सम्मान आपके विश्वास का Honours Your Trust

મીડ કોર્પોરેટ અક્ષરચોક શાખા : ૧૪-૧૭, અર્થ કોમ્પ્લેક્ષ, અક્ષર ચોક, જુના પાદરા રોડ, વડોદરા-૩૯૦૦૨૦.

પઝેશન નોટિસ

ધી સિક્યોરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ, ૨૦૦૨, નિયમ ૮(૧)

આથી, (સ્થાવર મિલકત માટે)

નીચે સહી કરનાર **યુકો બેંક, મીડ કોર્પોરેટ અક્ષરચોક શાખા, વડોદરા**ના અધિકૃત અધિકારીશ્રીએ સિક્યોરીટાઈઝેશન એન્ડ રીકન્સ્ટ્રકશન ઓફ ફાયનાન્સિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ સિક્યોરીટી ઈન્ટરેસ્ટ અધિનિયમ, ૨૦૦૨ (૫૪ ઓફ ૨૦૦૨) તથા કલમ ૧૩(૧૨)ની સત્તા સાથેસિક્યોરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) નિયમો, ૨૦૦૨ના નિયમ ૩ સહિત અંતર્ગત **તા. ૧૬.૦૪.૨૦૨૬**ના રોજ **મે. મણીભદ્ર એન્ટરપ્રાઈઝના પ્રોપ. દિશા હિતેષભાઈ શાહ**ને ડીમાન્ડ નોટીસ જારી કરીને **રૂા. ૨૦,૦૬,૯૯૮.૦૫/- (રૂા. વીસ લાખ નવ હજાર નવસો અઠ્ઠાણું અને પાંચ પૈસા પુરા)** (તા. ૩૧.૦૩.૨૦૨૬ ના રોજ થી મુદ્દલ ચડત વ્યાજનું પ્રતિનિધિત્વ કરે છે.) ચડત વ્યાજ અન્ય ચાર્જીસ સાથે નોટીસ મળ્યાના ૬૦ દિવસમાં ચુકવવા જણાવવામાં આવ્યું હતું.

ઉધારકર્તાઓને ઉપરોક્ત સંપૂર્ણ રકમ ચુકવવામાં કસુરવાર થતાં આથી ઉધારકર્તાઓ તથા જાહેર જનતાને નોટીસ આપવામાં આવે છે કે અધિનિયમ ધી સિક્યોરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) નિયમો, ૨૦૦૨ની કલમ ૧૩ ની પેટા કલમ (૪)ના ઉક્ત નિયમો હેઠળના નિયમ ૮ અંતર્ગત મળેલ સત્તાની રૂએ નીચે સહી કરનારે **તા. ૨૦.૦૬.૨૦૨૬** ના રોજ નીચે જણાવેલ મિલકતનો **સાંકેતિક કબજો** લઈ લીધો છે.

ઉધારકર્તા/જામીનદારને વિશેષ રૂપથી તથા જાહેર જનતાને આથી સદરહુ મિલકત અંગે કોઈપણ જાતનો વ્યવહાર ન કરવાની ચેતવણી આપવામાં આવે છે. સદરહુ મિલકત અંગે કરેલો કોઈપણ વ્યવહાર **યુકો બેંક, મીડ કોર્પોરેટ અક્ષરચોક શાખા, વડોદરા**ની રકમ **રૂા. ૨૦,૦૬,૯૯૮.૦૫/- (રૂા. વીસ લાખ નવ હજાર નવસો અઠ્ઠાણું અને પાંચ પૈસા પુરા)** (તા. ૩૧.૦૩.૨૦૨૬ ના રોજ થી મુદ્દલ ચડત વ્યાજનું પ્રતિનિધિત્વ કરે છે.) ચડત વ્યાજ અને અન્ય ચાર્જીસ સાથેના બોજા સહિત રહેશે.

અહીં ઉધારકર્તાઓનું ધ્યાન આકરુષ્ટ કરવામાં આવે છે તે જણાવેલ સમય મર્યાદામાં સેકસન ૧૩ના સબ સેક્શન (૮) હેઠળ તમો તમારી સુરક્ષિત મિલકતના બાકી લ્હેણાં ભરપાઈ કરી પાછી મેળવી શકો છો.

સ્થાવર મિલકતનું વર્ણન

જે મિલકતનો ફલેટ નં. સી–૬૦૧, છઠ્ઠો માળ, ટાવર–સી/૧, ગંગોત્રી એપાર્ટમેન્ટની પ્રીમાઈસીસ ઓમકારેશ્વર કો. ઓપરેટીવ હાઉસિંગ સોસાયટી લિ., વડોદરા, ક્ષેત્રફળ ૬૪૦ સ્કે. ફીટ (૫૯.૪૭૯ સ્કે.મીટર), જે સ્થિત જમીનનો રેવન્યુ સર્વે નં. ૩૦૭/૨ પૈકી, સિટી સર્વે વિભાગ–૪, સિટી સર્વે નં. ૭૮૦, બાબાજીપુરા વિભાગ, આર.વી. દેસાઈ રોડ, મોજે–કસ્બા, રજીસ્ટ્રેશન જિ. વડોદરા અને સબ જિ. વડોદરા (વિભાગ–૧) ખાતે આવેલ સ્થાવર મિલકત.

ચતુરસીમા : ● પુર્વે : માર્જીન પછી ખુલ્લી જમીન ● પશ્ચિમે : ફલેટ નં. સી–૬૦૨
● ઉત્તરે : પેસેજ અને સીડી ● દક્ષિણે : માર્જીન પછી ખુલ્લી જમીન

તારીખ : ૨૦.૦૬.૨૦૨૬ સહી/- અધિકૃત અધિકારી,
સ્થળ : વડોદરા (વિવાદીત સ્થિતી અંગ્રેજી જાહેર ખબર માન્ય રહેશે.) યુકો બેંક

આધાર હાઉસિંગ ફાઇનાન્સ લિમિટેડ
કોર્પોરેટ ઓફિસ: ઓફિસ નંબર 501 અને 503, 5મો માળ, લાઇટબ્રિજ, સાકી વિહાર રોડ, અંધેરી ઇસ્ટ, મુંબઇ સબર્બન (જિલ્લો) મહારાષ્ટ્ર - 400072
રાજપીપળા શાખા: જી-53, ગ્રાઉન્ડ ફ્લોર, સૂર્યા પ્લાઝા કોમ્પ્લેક્સ, સંતોષ ચાર રસ્તા રોડ, રાજપીપળા-393145 (ગુજરાત)
Aadhar Housing Finance Ltd

પરિશિષ્ટ IV કબજા નોટિસ (સ્થાવર મિલકત માટે)

જે અન્વયે, સિક્યોરિટાઇઝેશન એન્ડ રિકન્સ્ટ્રક્શન ઓફ ફાઇનાન્સિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યોરિટી ઇન્ટરેસ્ટ એક્ટ 2002 હેઠળ અને સિક્યોરિટી ઇન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ 2002 ના નિયમ 3 સાથે વંચાણમાં લેતા કલમ 13(12) હેઠળ મળેલ સત્તાનો ઉપયોગ કરીને આધાર હાઉસિંગ ફાઇનાન્સ લિમિટેડ (AHFL)ના અધિકૃત અધિકારી હોવાના નાતે કંપનીના અધિકૃત અધિકારી દ્વારા નીચે દર્શાવેલ લોનધારક(કો)/જામીનદાર(કો)ને નોટિસ મળ્યાની તારીખથી 60 દિવસની અંદર નોટિસમાં દર્શાવેલી રકમ ચૂકવવા માટે ડિમાન્ડ નોટિસ(સો) જારી કરવામાં આવી હતી. લોનધારક રકમ ચૂકવવામાં નિષ્ફળ ગયેલ હોવાથી લોનધારક(કો)/જામીનદાર(કો) અને સામાન્ય જનતાને નોટિસ આપવામાં આવે છે કે નીચે સહી કરનારે સદરહુ કાયદાની કલમ 13ની પેટા-કલમ (4) સાથે વંચાણમાં લેતા સિક્યોરિટી ઇન્ટરેસ્ટ એન્ફોર્સમેન્ટ રૂલ્સ, 2002ના નિયમ 8 હેઠળ તેમને મળેલી સત્તાનો ઉપયોગ કરીને નીચે વર્ણવેલી મિલકતનો કબજો લીધો છે. સિક્યોર્ડ એસેટ્સ છોડાવવા માટે ઉપલબ્ધ સમયના સંદર્ભમાં લોનધારકનું ધ્યાન કાયદાની કલમ 13 ની પેટા-કલમ (8)ની જોગવાઈઓ તરફ દોરવામાં આવે છે. ખાસ કરીને લોનધારક અને સામાન્ય જનતાને આથી ચેતવણી આપવામાં આવે છે કે તેઓ આ મિલકત સાથે કોઈ વ્યવહાર ન કરે અને મિલકત સાથેનો કોઈપણ વ્યવહાર તેના પરના વ્યાજ સહિત નીચે દર્શાવેલ રકમ માટે AHFLના બોજાને આધીન રહેશે.

ક્રમ	લોનધારક / સહ-લોનધારકનું નામ (શાખાનું નામ)	સિક્યોર્ડ એસેટનું વર્ણન (સ્થાવર મિલકત)	ડિમાન્ડ નોટિસની તારીખ અને રકમ	કબજાની તારીખ
1	(લોન કોડ નં. 48610000046 / રાજપીપળા શાખા) પ્રવીણભાઈ ભીલ (લોનધારક) લલિતાબેન ભીલ (સહ-લોનધારક)	જીએફ મિલકત નં. 10/1, તારોલ (ઓફિસ ફળિયું), તારોલ રોડ, મિલકત નં. 10/1, ગામ: તારોલ, તા.: નસવાડી, જિ.: છોટાઉદેપુર, ગુજરાત-391150 વાળી તમામ મિલકત અને તેનો હિસ્સો. ચતુ:સીમા: પૂર્વ: ખુલ્લી જગ્યા પછી ભીલ દાદુ ડેડાભાઈનું ઘર પશ્ચિમ: ખુલ્લી જગ્યા પછી ભીલ અંબુ શાંતિભાઈનું ઘર ઉત્તર: ખુલ્લી જગ્યા પછી ભીલ ઉકેદભાઈ મંજીભાઈનું ઘર દક્ષિણ: ખુલ્લી જગ્યા પછી ભીલ રમેશભાઈ શાંતિભાઈનું ઘર	09-10-2025 & ₹ 4,07,358/-	21-06-2026

સ્થળ: ગુજરાત અધિકૃત અધિકારી
તારીખ: 23.06.2026 આધાર હાઉસિંગ ફાઇનાન્સ લિમિટેડ

DAKSHIN GUJARAT VIJ CO LTD.
CIN U40102GJ2003SGC042909
KADODARA DIVISION OFFICE
GETCO 66 KV S/S COMPOUND, Kadodara-Surat Road, Char Rasta Kadodara, Ta: Palsana Dist. :Surat - 394327 Telephone : 02622 - 275911
DGVCL
Regd.&CorporateOffice:-"UrjaSadan",NanaVarachha,KapodaraCharRasta,Surat-395006 Website:www.dgvcl.com

Tender Notice

Tenders are invited from registered contractors for (1)Tender for ARC for Hiring of crane (Hydra) under kadodara-2 S/dn. under Kadodara Division.(2)Tender for ARC work of Erection & Maintenance of HT, LT, & TC work at 66 KV Jolva and jolwa S/S area andvarious villages under Kadodara-2 S/dn under KADODARA Division for Various scheme work.(3)Tender for Attend the cable fault at site FROM RECIVING the message from CONCERN S/DN AND LOCATING THE FAULT UNDERGROUND CABLE and Rectify the fault (XLPE cable will be supplied byDGVCL) with cable end termination and straight through joints kits (to be supplied by contractor) as per norms under all scheme for the year 2026-2027 for Kadodara-1 Sub division under Kadodara Division.(4)Tender for hiring of non AC closed body jeep or parallel diesel driven vehicle for 12 hrs under Palsana S/dn.(5)Tender for hiring of utility pickup jeep or parallel diesel driven vehicle for 24 hrs on contract basis under Palsana S/dn.(6)Tender for or work of Maintenance of HT, LT, TCDP, DO-DP, CTPT DP and Service Connection as per norms under all scheme for the year 2026-2027 for Kadodara-1 Sub division under Kadodara Division.(7)Tender for Work of Erection & Maintenance work of HT/LT line & TC and HT XLPE UG CABLE Work (Only Upto 300 MTR HT UG CABLE work) on ARC Basis for work under Various Schemes under KAMREJ RURAL S/dn under KADODARA Division.(8)Tender for Work of Laying, Testing & Commissioning of 11kV XLPE HT UG cable work(upto 300 mtr) and HT LT TC erection work under various scheme of all ss feeder worksunder Palsana sdn.(9)Tender for work of supply, laying, testing and commissioning of 11 KV cable (OH)(XLPE cable will be supplied by DGVCL) with cable end termination and straight through joints kits (to besupplied by contractor), Erection of HT, LT, TCDP, DO-DP, CTPT DP and Service Connection as per norms underall scheme for the year 2026-2027 for Kadodara-1 Sub division under Kadodara Division.(10)Tender for work of supply, laying, testing and commissioning of 11 KV Underground cable (Up to 300 meter Length) (XLPE cable will be supplied by DGVCL) with cable end termination and straight through joints kits (to be supplied by contractor), Erection of HT, LT, TCDP, DO-DP, CTPT DP andService Connection as per norms under all scheme for the year 2026- 2027 for Kadodara-1 Sub division underKadodara Division.(11)Tender for work of supply, laying, testing and commissioning of 11/22 KV cable (OH+UG) (XLPE cable will be supplied by DGVCL) with cable end termination and straight through joints kits (to be supplied by contractor) as per norms under all scheme for the year 2026-2027 for Kadodara-1 Sub division.(12)Tender for work of the Installation of Chemical Earthing at various Transformer Center Through out sourced agency for Existing DGVCL Network at jurisdiction of Kadodara-1 Sub division under Kadodara Division.(14)Tender work of supply, laying, testing and commissioning of 11/22 KV OH XLPE cable & Erection work of HT ,LT,TC & Service Connection (Cable will be supplied by DGVCL) with cable end termination (to be supplied by contractor) as per norms under all scheme at Sevani Sub division under Kadodara Division.(15)Tender work of supply, laying, testing and commissioning of 11/22 KV UG Cable Work Up TO300 Mtrs & OH XLPE cable & Erection work of HT ,LT,TC & Service Connection (Cable will be supplied by DGVCL) with cable endtermination (to be supplied by contractor) as per norms under all scheme at Sevani Sub division under Kadodara Division.

For further details & download, please visit tender.dgvcl.com & https://tender.nprocure.com

Executive Engineer (O&M), Kadodara Division, DGVCL.

Install MCB/ ELCB/ RCCB & Prevent Electric Shocks/ Electrical Accidents